1205

સમય મર્યાદા


જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ ) ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીગમાં,
બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા,સુરત

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com


નં.જિનાનિ/વિજા/પો.મે.લઘુમતી/૨૦૧૬-૧૭/ 1741 તારીખ : ૩૦-૦૮-૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
..............................
..............................
..............................
જિલ્લો : સુરત

PG / A
31/8/16

**વિષય : વર્ષ ૨૦૧૬–૧૭ માં લઘુમતિ જાતીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી કરવા બાબત.**

જય ભારત સાથ ઉપરોકત વિષય જણાવવાનું કે વર્ષ **૨૦૧૬–૧૭** માં ભારત સરકારની પો.મે. શિષ્યવૃત્તિની યોજના હેઠળ આવતા અભ્યાસક્રમોની માહિતી ઓનલાઈન સ્કોલરશીપ મેનેજમેન્ટ સીસ્ટમ પર કરવામાં આવેલ છે. આ જાહેરાત વર્તમાનપત્રોમાં પણ આપવામાં આવેલ છે. ધાર્મિક લઘુમતિ જાતિના (મુસલમાન, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ અને જૈન) વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના વર્ષ ૨૦૦૭–૦૮ થી રાજય સરકારશ્રી ધ્વારા અમલમાં મુકવામાં આવેલ છે અને વર્ષ ૨૦૧૧–૧૨ થી સદરહું યોજનાનો અમલ. ઓનલાઈન કરવામાં આવેલ છે. તેવી જ રીતે ચાલુ વર્ષ **૨૦૧૬–૧૭** માટે પણ ઓનલાઈન અમલ ચાલુ રાખવામાં આવેલ છે.

**વેબસાઈટ: www.scholarships.gov.in**

**શાળા / કોલેજ દવારા કરવાની થતી કાર્યવાહી:**

ધો.૧૧–૧૨, જનરલનર્સીગ આઈ.ટી.આઈ.,સ્નાતક,અનુસ્નાતક,એમફીલ અને પી.એચ.ડી. ના અભ્યાસક્રમો વાળા વિદ્યાર્થીઓના અરજીફોર્મ ઓનલાઈન કરવાના થાય છે. વિદ્યાર્થીઓએ ઉપરની વેબસાઈડ પર LOG IN થઈ પોસ્ટ મેટ્રીક યોજનામાં અરજી પત્રક ભરી સબંધિત શાળા / કોલેજને સાધનિક કાગળો સહિત આપવાની રહેશે. શાળા / કોલેજે નાયબ નિયામકશ્રી, (વિજા) ની કચેરીમાં ફોરવર્ડ કરી અરજીપત્રકની પ્રથમ પાનાની પ્રિન્ટ આઉટ મેળવી તેના પર આચાર્યશ્રીના સહી સિક્કા કરી ફ્રેશ તેમજ રીન્યુઅલની અલગ-અલગ ફાઇલ ફોરવર્ડીંગ લેટર સહીત ફાર્ડકોપી મોકલવાની રહેશે.

ધોરણ ૧૧ અને ૧૨ ફ્રેશ / રીન્યુઅલ માટે વિદ્યાર્થીઓને ઓન લાઇન ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦-૦૯-૨૦૧૬ તેમજ ધોરણ ૧૧ અને ૧૨ સિવાયના તમામ કક્ષાના કોર્સમા ફ્રેશ અને રીન્યુઅલ માટે વિદ્યાર્થીઓને ઓન લાઇન ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦-૧૦-૨૦૧૬ (ભારત સરકાર ધ્વારા વેબસાઈટમાં વિદ્યાર્થી / શાળા / કોલેજ તરફથી કરવાની થતી પ્રક્રિયામાં જો કોઈ ફેરફાર કરવામાં આવશે તથા સમય મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવશે તો તેની નોંધ વેબસાઈટ પર મુકવામાં આવશે. તો જે તે વખતે Website પર Timeline જોઈ લેવા વિનંતી છે.)

સંસ્થા ધ્વારા અરજી પત્રકની ચકાસણી જે તે સબંધિત જિલ્લા કચેરીને સમય મર્યાદામાં ઓન લાઇન ફોરવર્ડ કરી મોકલી આપવાની રહેશે. તેમજ આ સાથે સામેલ નમુના મુજબના પત્રકમાં અંગ્રેજીમાં માહિતી તૈયાર કરી સી.ડી. તૈયાર કરી સોફ્ટ કોપી તેમજ હાર્ડકોપી સાથે અરજીપત્રકોની ફાઈલ બનાવી આપવાની રહેશે.

**<u>પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ માટે માન્ય અભ્યાસક્રમ:</u>**

(૧) પોસ્ટ મેટ્રીક ધોરણ–૧૧ થી ૧૨, આઈ.ટી.આઈ. સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. કક્ષા સુધીના પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમો માટે ONLINE ફોર્મ scholarships.gov.in (N.S.P.2.0) પર ભરવાના રહેશે.
(૨) ડીપ્લોમા જનરલ નર્સિંગ / પી.ટી.સી./ડીપ્લોમા ફાર્મસી
(૩) પોલીટેકનીકલ તમામ પોલીટેકનીકલ ના અભ્યાસક્રમો
(૪) રીસર્ચ–રૂરલ ડેવલપમેન્ટ/પી.એચ.ડી./એમ.ફીલ
(૫) સ્નાતક/અનુસ્નાતક
(૬) બી.એડ./એમ.એ./એમ.કોમ.,એમ.એસ.સી./એમ.એડ./એમ.એસ.સી./આઈ.ટી./આઈ.કોમ./ આઈ.એસ.સી.
(૭) મેરીટ–કમ–મીન્સમાં સમાવેશ થતો ના હોય અને સંસ્થાએ જે માન્ય અભ્યાસક્રમનું સરકારશ્રીમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા તમામ અભ્યાસક્રમો.

**<u>યોજનાની શરતો:</u>**

(૧) Fresh વિદ્યાર્થીએ નવુ રજીસ્ટ્રેશન કરી GJ201617***** વાળુ Permanent ID મળે તેના આધારે નવુ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.
(૨) વર્ષ ૨૦૧૫–૧૬ ના વિદ્યાર્થીના બેંક ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઈ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત Renewal અરજી પોતાના ગત વર્ષના Permanent ID તથા જન્મ તારીખને પાસવર્ડ તરીકે ઉપયોગ કરીને અરજી ફોર્મ ભરીને કરવાની રહેશે.
(૩) Fresh - Renewal બન્ને માટે આધાર નંબર, વિદ્યાર્થીનો પોતાના નામ સાથેના વ્યકિતગત બેંક એકાઉન્ટ તથા તે બેંક એકાઉન્ટ ઓનલાઈન અરજી આપે તે આધાર નંબર સાથે બેંકમાં લીન્ક (Seeding) કરાવવું ફરજીયાત છે.
(૪) **હાલ Online ડોકયુમેન્ટ અપલોડમાં ડોમીસાઈલ સર્ટીફીકેટ બતાવે છે પરંતુ ડોમીસાઈલના બદલે અરજીની હાર્ડ કોપી સાથે રહેણાંકના પુરાવા અને ગુજરાતના વતની હોવા અંગેના રેશનકાર્ડની નકલ, આધારકાર્ડની નકલ જેવા સાધનિક પુરાવા આપવાના રહેશે.**
(૫) **પ્રોસ્ટ મેટ્રીકમાં ONLINE અરજીમાં કોઈ ડોકયુમેન્ટ UPLOAD કરવાના નથી. પરંતુ ONLINE ફ્રેશ/રીન્યુઅલ અરજી ભર્યા બાદ website માં submit કર્યા બાદ PRINT OPTION માં જઈ અરજીની પ્રિન્ટ લઈ અરજી સાથે અગાઉની જાહેરાત મુજબના જરૂરી આધાર પુરાવાઓ સામેલ કરી વિદ્યાર્થીએ પોતાના શાળાના આચાર્યશ્રી/ પ્રિન્સીપાલશ્રી /માધ્યમિક શાળામાં અરજીની હાર્ડ કોપી સાધનિક કાગળો સાથે નિયત સમય મર્યાદામાં અરજી આપવાની રહેશે.**
(૬) **લઘુમતિ પ્રમાણપત્ર / ધર્મ અંગેનું સેલ્ફ ડેકલેરેશન, આવકનું પ્રમાણપત્ર / આવકનું અંગેનું સેલ્ફ ડેકલેરેશન, વાર્ષિક ફી ની પહોંચ, ગત વર્ષની માર્કશીટની નકલ, આધારકાર્ડની કોપી, બેન્ક એકાઉન્ટની પાસબુકની કોપી, પાસપોર્ટ સાઈઝનો ફોટો વગેરે જેવા ચાલુ વર્ષની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ સાધનિક પુરાવા હાર્ડ કોપી સાથે સામેલ કરી પોતાની શાળામાં જમા કરવાની રહેશે.**

➢ **<u>ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજ / યુનિવર્સીટી માટે :-</u>**

(૭) **ગત વર્ષ જે ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજ / યુનિવર્સીટી National Scholarship Portal પર રજીસ્ટર થઈ ગયેલ હોય તેઓને પોતાના ગત વર્ષના User ID - Password નો ઉપયોગ કરી Fresh - Renewal અરજી વેરીફીકેશન કરી અરજી ફોરવર્ડ કરવાની રહેશે.**
(૮) **કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સીપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીએ પોતાની શાળા / કોલેજ / યુનિવર્સીટીના તમામ વિદ્યાર્થીઓની અરજીની હાર્ડ કોપી જરૂરી સાધનિક પુરાવા સાથેની સ્વીકારી સમય મર્યાદામાં પોતાને મળેલ તમામ અરજીઓ માટે કોલેજના આચાર્ય શ્રી / પ્રિન્સીપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીના USER ID અને PASSWORD નો ઉપયોગ કરી અરજીની હાર્ડ કોપીના આધારે ONLINE અરજી મંજુર / નામંજુર કરી**

આગળના લેવલે FORWARD કરવાની રહેશે. તેમજ હાર્ડ કોપી શાળા / કોલેજે રેકર્ડમાં રાખવાની રહેશે. જિલ્લા / રાજયના અધિકારીની મુલાકાતમાં અરજીઓ તપાસણી માટે રજુ કરવાની રહેશે.
**વિદ્યાર્થી – શાળા / કોલેજ – જિલ્લો – રાજય – કેન્દ્ર**

(૯) National Scholarship Porta (N.S.P.2.0) **પર ઓપ્શન ઉપ્લબ્ધ થયેથી જિલ્લાઓને અને નવી રજીસ્ટર થનાર કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સીપાલ શ્રી / રજીસ્ટારને / ઉચ્ચતર / માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીને** USER ID - PASSWORD **વેબસાઈટ માં દર્શાવેલ સબંધિત કાર્યવાહી મુજબ રાજય કક્ષાએ / જિલ્લા કક્ષાએથી આપવામાં આવશે. જેઓને અગાઉ રજીસ્ટ્રેશન ના થયેલ હોય તેઓએ આ સાથેના નિયત ફોર્મ મુજબની માહિતી જિલ્લાની કચેરીને દિન–૭ માં** FORMAT **માં એકત્ર કરી તાત્કાલિક માહિતી જિલ્લા કચેરીને મોકલી આપવાની રહેશે.**

(૧૦) ભારતમાં વસતા ધાર્મિક લઘુમતિ કોમના વિદ્યાર્થીઓને જ આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

(૧૧) વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી વધુ ગુણ હોવા જોઈએ.

(૧૨) અન્ય શિષ્યવૃત્તિનો લાભ લીધેલ ન હોવો જોઈએ.

(૧૩) વિદ્યાર્થીના માતા,પિતા/વાલીની આવકના બધા સાધનોમાંથી મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨.૦૦ લાખ થી વધુ ન હોવી જોઈએ.

(૧૪) કુટુંબના વધુમાં વધુ બે બાળકોને આ શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર રહેશે.

(૧૫) વિદ્યાર્થીઓએ ઓન લાઈન અરજીફોર્મ ભરી નીચે દર્શાવેલ આધારપુરાવાની પ્રમાણિત નકલ (મુદ્દા નં.૬ માં જણાવ્યા મુજબ) સામેલ કરી જે તે સંસ્થાને રજુ કરવાની રહેશે.

(૧૬) રાજય બહાર અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ પણ ઓનલાઈન ફોર્મ જે તે રાજયમાં ભરવાના રહેશે.

**અરજી સાથે રજુ કરવાના પુરાવા:**

**લઘુમતિ પ્રમાણપત્ર / ધર્મ અંગેનું સેલ્ફ ડેકલેરેશન, આવકનું પ્રમાણપત્ર / આવકનું અંગેનું સેલ્ફ ડેકલેરેશન, વેરીફીકેશન ફોર્મ, વાર્ષિક ફી ની પહોંચ, ગત વર્ષની માર્કશીટની નકલ, આધારકાર્ડની કોપી, બેન્ક એકાઉન્ટની પાસબુકની કોપી, પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીના કિસ્સામાં હોસ્ટેલના રેકટર / અધિકારીનો દાખલો વગેરે જેવા ચાલુ વર્ષની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ સાધનિક પુરાવા હાર્ડ કોપી સાથે સામેલ કરી પોતાની શાળામાં જમા કરવાની રહેશે.**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા સેવા સદન-૨,
સુરત

( ડી.એમ.ત્રિવેદી )
જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) સુરત જિ.સુરત

I/c Registrar,
Veer Narmad South Gujarat University
SURAT.

## NATIONAL SCHOLARSHIP PORTAL

**Website:- www.scholarships.gov.in પોસ્ટ મેટ્રીક માટે ONLINE અરજી કરવાની જાહેરાત**

### ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી ધ્વારા અમલીત

### "મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ, જૈન" લઘુમતીના વિદ્યાર્થીઓ માટે " પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના "

### ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ કે જેઓ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધો.૧૧ થી પી.એચ.ડી સુધી તેમજ તકનીકી વ્યવસાયિક અભ્યાસક્રમો (NCVT સાથે જોડાયેલ હોય તેવી સંસ્થાઓમાં) ધો.૧૧-૧૨ની સમકક્ષ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા અગાઉ અરજી કરવા માટેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી દ્વારા આપેલ અદ્યતન સુચનાઓ પ્રમાણે હાલ નીચેની વિગતોએ ONLINE અરજી કરવાની થાય છે.

### વિદ્યાર્થીઓ માટે અગત્યની બાબતો

૧. **FRESH – RENEWAL બન્ને અરજી માટે પોસ્ટ મેટ્રીક યોજનામાં આધાર નંબર, વિદ્યાર્થીના પોતાના નામ સાથેનું વ્યક્તિગત બેન્ક એકાઉન્ટ કે જે બેન્ક એકાઉન્ટ ONLINE અરજીમાં આપે તે આધાર નંબર સાથે લિન્ક (Seeding) કરાવવું ફરજીયાત છે.**

૨. પોસ્ટ મેટ્રીક યોજનામાં વિદ્યાર્થી દ્વારા સાધનિક પુરાવા UPLOAD કરવાના રહેશે નહી, તથા વિદ્યાર્થીઓએ અરજીની હાર્ડકોપી સાધનિક પુરાવા સહિત વિદ્યાર્થી પોતે અભ્યાસ કરતાં હોય તે ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ સંસ્થામાં જમા કરાવવાની રહેશે. તે હાર્ડકોપી શાળા/ કોલેજ/ સંસ્થાએ પોતાની કરવાની થતી ONLINE કામગીરી કરી શાળા/ કોલેજ/ સંસ્થામાં રેકર્ડ માટે રાખવાની રહેશે તથા કોઈ હાર્ડ કોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી.

3 **હાલ ONLINE ડોક્યુમેન્ટ UPLOAD માં ડોમીસાઇલ સર્ટીફીકેટ બતાવે છે. ડોમીસાઇલના બદલે અરજીની હાર્ડકોપી સાથે રહેણાંકના પુરાવા અને ગુજરાતના વતની હોવા અંગેના રેશનકાર્ડ, લાઇટ બિલ, આધારકાર્ડની નકલ વિગેરે આપવાની રહેશે.**

૪. લઘુમતી પ્રમાણપત્ર /સેલ્ફ ડીક્લેરેશન, આવકનું પ્રમાણપત્ર/ સેલ્ફ ડીક્લેરેશન, ફી ની પહોંચ, આધારકાર્ડની કોપી, બેન્ક એકાઉન્ટની કોપી વગેરે અગાઉની જાહેરાતમાં જણાવ્યા મુજબના સાધનિક પુરાવા હાર્ડકોપી સાથે સામેલ કરવાના રહેશે.

૫. ઉપરોક્ત આધાર પુરાવાઓમાં વિદ્યાર્થી/પિતા/વાલી તરફથી કોઈ ખોટી માહિતી આપવામાં આવશે અને સરકારશ્રીના ધ્યાને આવ્યેથી અલ્પ સંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીની સુચના મુજબ કાયદાકીય પગલા લેવામાં આવશે.

૬. ભારત સરકાર દ્વારા વેબસાઈટમાં વિદ્યાર્થી, શાળા/કોલેજ તરફથી કરવાની થતી પ્રકિયામાં જો કોઈ ફેરફાર કરવામાં આવશે તથા સમયમર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવશે તો તેની નોંધ વેબસાઈટ પર મુકવામાં આવશે.તો જે તે વખતે WEBSITE પર TIMELINE જોઈ લેવા વિનંતી છે.

૭. વેબસાઈટમાં ટેકનિકલ ખામી હોય તો જે તે ખામી દૂર થાય ત્યારબાદ સમયમર્યાદાની અંદર ONLINE અરજી કરવાની રહેશે. વિદ્યાર્થી દ્વારા અરજી FINALIZE & SUBMIT કર્યા બાદ કોઈપણ સુધારા શક્ય ન હોવાથી ટેકનિકલ ખામી સાથેની અરજીની આગળની કાર્યવાહી કરી શકાતી નથી.

### ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ સંસ્થાઓ માટે અગત્યની બાબતો

૧. NATIONAL SCHOLARSHIP PORTAL (NSP 2.0) પર રજીસ્ટ્રેશન ન થયેલ હોય તેવી ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ સંસ્થાઓએ તાત્કાલિક જે તે જિલ્લાના જિલ્લા નાયબ નિયામક (વિ.જા) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) કચેરીમાં નિયત FORMATમાં માહિતી આપવાની રહેશે.

૨. ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ સંસ્થાના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રીએ પોતાની શાળા/ કોલેજ/ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓની અરજીની હાર્ડકોપી સ્વીકારી સમય મર્યાદામાં પોતાને મળેલ શાળા/ કોલેજ/ સંસ્થાના USER ID અને PASSWORDનો ઉપયોગ કરી અરજીની હાર્ડકોપીના આધારે ONLINE અરજી મંજૂર / નામંજૂર કરી આગળના લેવલે FORWARD કરવાની રહેશે.

સમયમર્યાદા

- પોસ્ટ મેટ્રીક યોજનામાં ધો. ૧૧-૧૨ના વિદ્યાર્થીઓએ ONLINE ફોર્મ ભરવાની છેલ્લી તારીખ → ૩૦-૦૯-૨૦૧૬
- પોસ્ટ મેટ્રીક યોજનામાં ધો. ૧૧-૧૨ સિવાયના વિદ્યાર્થીઓએ ONLINE ફોર્મ ભરવાની છેલ્લી તારીખ → ૩૧-૧૦-૨૦૧૬

( કે. જી.વણઝારા )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ONLY FOR NEW SCHOOL / COLLEGE REGISTRATION — — FORM.

Name of the School/College. :-

**POST-MATRIC SCHOLARSHIP FOR MINORITY STUDENTS**

**REGISTRATION INFORMATION**

| SR. No. | Name of School/College/ITI | Address of School | Board / University Name | Government/Gran in aid/ Self Financed | Course | Principal | | | Office | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | Name | Email.add | Mobile No | Employee Name | Email.add | Mobile No |
| | | | | | | | | | | | |

નોંધ :- Email/Mobile No. માં USER ID / PASSWORD મળવાના હોવાથી ફરજિયાત આપવાના રહેશે.

\\10.1.32.25\data\2015\AUG\School Registration.xls

# SELF DECLARATION OF FAMILY INCOME,COMMUNITY AND INSTITUTION VERIFICATION FORM

UNDER PRE,POST MATRIC SCHOLARSHIP (CLASS XI AND ABOVEMERIT-CUM MEANS SCHOLARSHIP SCEME OF MINISTRY AFFAIRS,GOVERNMENT OF INDIA

1. ______________________________Son/Daughter Of____________________________

   Resident of (full address)_______________________________________________

   ____________________________________________________do hereby solemnly affirm and declare as under.

   a) That I am citizen of India Belongs to_________________State &_________________Community

   b) That annual income of my family from all sources is Rs._____________________(in words Iso)

   ______________________________________________________________________

   c) Ideclare that my father/mother/both* is/are earning member(s) in my family.

2. I certify that the above information given by me is true.
3. I am not availing any other Scholarship for this purpose from any other Central Govt. / State Govt. source.
4. I Shall abide by the terms and conditions for sanction of Pre/Post Matric/Merit cum /Means based Scholarship.
5. In case this information furnished by me is found false,the financial assistance awarded to me may be recovered with penal interest and I will be liable to a legel action against me in accordance with law.

Signature of Candidate :_________________________ Signature of Parent/Gardian_________________

Name Candidate: _____________________________ Name of Parent/Guardian___________________

## Verification/information to be furnished by the head of institute/college

It is certified that provided below in respect of (He/She)_________________________________

who is admitted in______________course for the academic session_________________in______________

_________________is correct .He /She is a hosteller/day scholar of the Institution / college.

Last year marks percentage (%) ____________________Fee details current Year_____________________

He/She belongs to _________________________________community as per Institution /College records.

**For Renewal of Scholarship** : It is certified that the student has not changed the course of study and/or the Institution of the study for which the scholarship was origionally awarded/ has changed the course of study and/or institution with prior approval of the State Government(Please Strike out which is not applicable. I certify that the above information furnished by the Institution/College is correct to the best of my knowledge and as per information available on our records.

Date: Signature of the head of Institution/College

Place: with official seal.

ધો. ૧ થી ૧૦ / ધો. ૧૧-૧૨ અને કોલેજ કક્ષાની લઘુમતી શિષ્યવૃતિ યોજના માટે એકંદર દરખાસ્ત પત્રકનો નમુનો વર્ષ- ૨૦૧૬-૧૭

SCHOOL/COLLAGE NAME :- VILLAGE : (TALUKA): NAME OF SCHEME

| Sr No | Personal Details | | | | | | | | | | | | Education Details | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | UDI No. | EID No. | If "Aadhaar" "Seeding" with bank Account YES/NO | Student's Full Name (Benificiery) | Name of Beneficiary in Vernacular Language (ગુજરાતીમાં નામ) | Cast | Father's Occupation | Annual Income of Parents/ Guardian Year 16-17 | Gender Male /Female | Date of Birth ( DD/MM/YYYY) | Ration Card No. | BPL No. | Class /Faculty studying in Year 16-17 | Dayscholar OR Hostelar Fresh / Renewal | Pass of Fail in Previous Year | Percentage of Marks in Previous Final Exam | Insitute /School Name |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| | | | | | | | | | | | | | | | | | |

નોંધ :-

(૧) પત્રક **EXCELL SHEET** માં **LEGAL SIZE PAPER** માં **TIMES NEW ROMAN FONT SIZE 9** માં **CAPITAL LETTER** માં તૈયાર કરવી.

(૨) 35 કોલમ્નના પત્રકની કોલમ નં:૧ થી ૧૮ અને કોલમ નંબર. ૧૯ થી ૩૫ બે ભાગમાં પ્રિન્ટ કાઢવી.

(૩) હાર્ડ કોપી તથા Soft Copy C.D. માં દરખાસ્ત અંગ્રેજીમાં આપવાની રહેશે. સી.ડી. દરખાસ્ત સાથે લાવવાની રહેશે.

(૪) જો બેંક એકાઉન્ટ નંબરની આગળ ૦ આવતો હોય તો તે ફરજીયાત લખવાનો રહેશે.

(૫) કોલમ નંબર ૬ માં જે ફોન્ટ વાપરવામાં આવે તે ફોન્ટ દરખાસ્તની સી.ડી.માં સાથે આપવાના રહેશે.

## ધો. ૧ થી ૧૦ / ધો. ૧૧-૧૨ અને કોલેજ કક્ષાની લઘુમતી શિષ્યવૃત્તિ યોજના માટે એકંદર દરખાસ્ત પત્રકનો નમુનો વર્ષ- ૨૦૧૬-૧૭

SCHOOL/COLLAGE NAME :- VILLAGE : (TALUKA): NAME OF SCHEME

| | | Address Details | | | | | | Contact Details | | Bank Details | | | | Amount Rs. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr No | Student's Full Name (Benificiery) | Address (Premise Identifier) | Village Code | Sub District Name | District Name | State Name | Pin Code of Village | Mobile/ Telephone No | E-Mail ID | BANK NAME | Branch Name | Bank Account No. | IFSC CODE | Education fee/Exam Fee/Non ref Fee etc | Scholarship/ Maintenance Allowance | Total Amount |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 | 32 | 33 | 34 | 35 |
| | | | | | | | | | | | | | | | | |

### પ્રમાણપત્ર

(૧) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપર્યુકત માહિતી વિદ્યાર્થીની અરજી શાળાના રેકર્ડ પરથી તેમજ અન્ય દસ્તાવેજો પરથી ખરાઈ કરીને આપવામાં આવેલ છે. વિદ્યાર્થીની હાજરી નિયમિત છે, અભ્યાસ સંતોષકારક છે. આ વિદ્યાર્થીઓને બીજી કોઇ યોજના હેઠળ લાભ મળેલ નથી, આવકના દાખલા, અરજીફોર્મ વગેરે શાળાના રેકર્ડ પર રાખવામાં આવેલા છે.

(૨) વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ ની વિગતો બેંકની પાસબુક સાથે ખરાઈ કરીને તથા આધાર નંબરની વિગતો ચોકસાઈથી લખવામાં આવેલ છે.

સ્થળ :

પ્રિન્સીપાલની
સહી
અને સિકકો

તારીખ: